# રાજકોટના મ્હે. ૮માં અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી. સા.
# (શ્રી એમ.ડી. જાદવ સાહેબ) ની કોર્ટમાં

ફો.કે.નં. :– **૫૬૯૦૯/૨૫**
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– ફિરોજશા દાઉદશા શાહમદાર

ગુન્હો ::– પ્રોહી. – ૬૫(એ)(એ)

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ પ્રોહી.કલમ – ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય,આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય,ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય,આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા,ઈરાદા સિવાય,રોજીરોટીની તલાસ/કામગીરીમા આવા પ્રકારનો પ્રથમવાર ગુનો થયાનુ જણાવેલ હોય,આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય,આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છુ પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામા આવેલી રજુઆતો લક્ષ્યમા લેતા તેમજ ન્યાયમુર્તિ ડો.જે.એન.ભટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનીલ અપીલ નં.૪૭૭/૨૦૦૨ વિગેરે) ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમા લેતા,આ કામના આરોપીને હાલના ગુના સબબ કલમમા ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છુ.આરોપી સામેના ગુનાને લક્ષમા લેતા,અર્ધગ્રમ્ય વાતાવરણમાથી આવતા હોય,આવા પ્રકારના સંજોગો તથા રજુઆતોને લક્ષમા લેતા આરોપીની તેમના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગોને ધ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે.જેથી ન્યાયના વિશાલ હિતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપી ફિરોજશા દાઉદશા શાહમદાર ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ પ્રોહી.૬૫એએ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ એક આરોપીના રૂ.૧૦૦/– (અંકે સો પુરા) ના દંડનો હુકમ કરવામા આવે છે.

(૨) દંડ કસુર બદલ દિવસ–૧૦ ની સાદી કેદ ભોગવવી.

(૩) મુદામાલ (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે અને આવો કોઈ હુકમ બાકી હોય તો તેવા સંજોગોમા મુદામાલ માલીકને મુદામાલની માલીકીની ખરાઈ કરી બિનશરતી સોપી આપવાનુ રહેશે.બિન કિંમતી મુદામાલ(જો હોય તો) તો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે.

(૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિમીનીલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટે અમલમા રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ

તા. ૧૩/૧૨/૨૦૨૫

(એમ.ડી.જાદવ)
૮માં અધીક સીવીલ જજ તથા
જે.એમ.એફ.સી., રાજકોટ